શ્રી ઔ.સ.ઝા.સા.બ્રહ્મસમાજ અમદાવાદ
રજી. નં. એ-૨૭૪૫
સંસ્કાર-સંગઠન-સમાજસેવા

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદનું
સંસ્કાર-સંગઠન-સમાજસેવાની સુવાસ પ્રસરાવતું દ્વિ-માસિક સામયિક

# સદ્ભાવ

વર્ષ-૪૩* જુલાઈ-૨૦૨૬ * સળંગ અંક- ૨૨૫



## ॥ ખૂબ-ખૂબ અભિનંદન સહ આશીર્વાદ ॥

### શુક્લ પરિવારનું

# ગૌરવ

## મહર્ષિ જતીનભાઈ શુક્લ



આપશ્રીની

## M.P.H.W.

(Multi Purpose Health Worker)

ઉચ્ચ પોસ્ટ પર ગવર્મેન્ટમાં
સર્વિસ મળવા બદલ અભિનંદન

### અભિનંદન.

| | |
|---|---|
| સ્વ. ગજાનનભાઇ હિંમતલાલ શુક્લ | ગં.સ્વ. ગીતાબેન ગજાનનભાઇ શુકલ |
| શ્રી અજયભાઇ ગજાનનભાઇ શુકલ | અ.સૌ.જાગૃતિગૌરી અજયભાઇ શુકલ |
| શ્રી વિજયભાઇ ગજાનનભાઇ શુકલ | અ.સૌ.મીતાગૌરી વિજયભાઇ શુકલ |
| શ્રી જતીનભાઇ ગજાનનભાઇ શુકલ | અ.સૌ.અનિતાગૌરી જતીનભાઇ શુકલ |
| શ્રી કશ્યપકુમાર અજયભાઇ શુકલ | અ.સૌ. ઉર્વશીગૌરી કશ્યપભાઇ શુક્લ |
| શ્રી હાર્દિકકુમાર રાજેશભાઇ દવે | અ.સૌ. વિધિબેન હાર્દિકકુમાર દવે |
| શ્રી મહર્ષિ જતીનભાઇ શુકલ | કુ.કૃપાબેન વિજયભાઇ શુકલ |
| કુ.સાક્ષીબેન જતીનભાઇ શુકલ | કુ.વિશ્વાબેન વિજયભાઇ શુકલ |

શ્રી અથર્વ કશ્યપભાઇ શુક્લ

# ।। શુક્લ પરિવારની જન્મદિવસની અનોખી ઉજવણી ।।




**આંગણવાડી ના બાળકોની અનેક મુસ્કાનનું કારણ બન્યો શુક્લ પરિવાર.**

**સિહોર બ્રહ્મસમાજના મોભી અને અનેક સેવાકીય કાર્યોની સુગંધ ફેલાવનાર નિવૃત શિક્ષક એવા સ્વ. ગજુદાદા શુક્લ કે જેણે સેવાકીય કાર્યોની જ્યોત પ્રગટાવી હતી. આ જ્યોતમાં દિવેલ પૂરવાનું કામ તેમના પત્ની તથા ત્રણ બાળકો દ્વારા થઈ રહ્યું છે ત્યારે ગં.સ્વ. ગીતાબેન ગજાનનભાઇ શુક્લની મહેચ્છાઓ તથા ગજુદાદાની પ્રગટાવેલ જયોતને અખંડ રાખવા કટિબધ્ધ એવા અજયભાઈ,વિજયભાઈ તથા જતીનભાઈને અભિનંદન આપવા ઘટે. સિહોર બ્રહ્મ અગ્રણી અજયભાઈના પુત્ર કશ્યપ ના પુત્ર અને શુક્લ પરિવારનો કુળદીપક અથર્વનો પ્રથમ જન્મદિન ગીતાબેન(ગીતાબા) ના માર્ગદર્શન હેઠળ આ ઉજવણી કેમ કરવી તેની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. આ ઉજવણી કંઈક અલગ રીતે કરવામાં આવી હતી જેમાં સિહોર ની કુલ 37 આંગણવાડીના 1450 આસપાસ બાળકો સાથે ઉજવવાનું નક્કી થયું, જેમાં દરેક બાળકને સૂકો નાસ્તો,લંચબોક્સ,કંપાસ,ચોકલેટ તથા રમકડા આપવા સાથે શુક્લ પરિવાર ભૂલકાંઓના મુસ્કાનનું કારણ બન્યો હતો. આ અનોખી ઉજવણી પ્રસંગે સગા સંબંધીઓ અને અનેક જ્ઞાતિના, સમાજના અને રાજકીય આગેવાનો સાથે પ્રસાદ લીધો અને અન્ન ભેગા તેના મન ભેગા સૂત્ર સાર્થક કર્યું હતું અને સૌએ અથર્વને આશીર્વાદ પાઠવ્યા.**

# જ્ઞાતિ ગૌરવ

## વ્યાસ પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન

ફર્સ્ટ ડિસ્ટિક્શન માર્ક્સ સાથે ઉતીર્ણ થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન



**વિશાલ અશોકકુમાર વ્યાસ**
MBA H.R

લિ.

| | |
|---|---|
| સ્વ . જનકરાય વૃજલાલ વ્યાસ | ગં.સ્વ કુંદનબેન જનકરાય વ્યાસ |
| અશોકભાઈ જનકરાય વ્યાસ | આરતી અશોકભાઈ વ્યાસ |
| કૌશિક જનકરાય વ્યાસ | નીતા કૌશિકભાઈ વ્યાસ |
| આશિષ જનકરાય વ્યાસ | કોમલ આશિષભાઈ વ્યાસ |
| વિશાલ અશોકભાઈ વ્યાસ | યશ્વી કૌશિકભાઈ વ્યાસ |
| બ્રિન્દા આશિષભાઈ વ્યાસ | ક્રિષા કૌશિકભાઈ વ્યાસ |
| શુભમ આશિષભાઈ વ્યાસ | વિશ્વમ્ કૌશિકભાઈ વ્યાસ |


ગાયત્રી માં કાર એસેસરીઝ
94277 77378
ગાયત્રી ન્યૂઝ એજન્સી
94277 77378

જય ઈલેક્ટ્રોનિક્સ
94284 94945
નેશનલ સિક્યુરિટી(અંકલેશ્વર)
વિશાલ વ્યાસ 87807 37091


# જ્ઞાતિ ગૌરવ

શ્રી હિમાંશુ ચંદ્રભાઈ ત્રિવેદી (લીલીયા મોટા)ના પૌત્ર કબીર કાનન ત્રિવેદી એ સંરક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા સ્થાપિત અને સંચાલિત ડિફેન્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ ટેકનોલોજી (DIAT), પુણે થી M. Tech. (Data Science) June-2026 માં 8.57 CGPA સાથે પુર્ણ કરેલ છે. ભારતીય સંરક્ષણ પ્રણાલી સાથે સંલગ્ન અને પ્રતિષ્ઠિત સંસ્થાન DRDO (ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન, ભારત સરકાર), Ahmedabad Lab. માં intership પુર્ણ કરેલ છે. ત્રિવેદી પરિવારના ગૌરવ ચિ.કબીર કાનન ત્રિવેદીને ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક શુભેચ્છાઓ



સ્નેહાશીષ શુભેચ્છા

| | |
|---|---|
| સ્વ. શ્રી ચંદ્રભાઈ હરિલાલ ત્રિવેદી | સ્વ. પુષ્પાબેન ચંદ્રભાઈ ત્રિવેદી |
| શ્રી હિમાંશુ ચંદ્રભાઈ ત્રિવેદી | શ્રીમતી નયનાબેન હિમાંશુ ત્રિવેદી |
| કાનન હિમાંશુ ત્રિવેદી | જિજ્ઞા કાનન ત્રિવેદી |
| ચંદ્રશેખર હિમાંશુ ત્રિવેદી | જાનકી ચંદ્રશેખર ત્રિવેદી, ચિ. ખુશી ચંદ્રશેખર ત્રિવેદી |

સ્વ. શ્રી નિલાંગ ચંદ્રભાઈ ત્રિવેદી અને શ્રીમતી નલિનીબેન નિલાંગ ત્રિવેદી પરિવાર અને
સ્વ. શ્રી કમલભાઈ હરિલાલ ત્રિવેદી અને પરિવાર.

# સદ્ભાવ

વર્ષ- ૪૩ સળંગ અંક- ૨૨૫ જુલાઈ-૨૦૨૬

**માલિક, મુદ્રક અને પ્રકાશક પત્રવ્યવહાર**

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ

૪૧૨, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર્સની સામે, શ્યામશિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-૨૫. ફોન:- 999 8000 450

કાર્યાલય :- સોમ, બુધ અને શુક્ર સાંજે ૬.૦૦ થી ૮.૦૦

sadbhav84@gmail.com

@sadbhav450bs

@asz450brahmsamajahmedabad

https://asz450bsabd.in

**તંત્રી**

શ્રીમતી હીતાર્થીબેન ચેતનભાઈ વ્યાસ

**સહતંત્રી**

શ્રીમતી મીતાબેન કેતનભાઈ મહેતા

**સંપાદક મંડળ**

શ્રી હરેશભાઈ રવિશંકર જોષી

શ્રીમતી પ્રીતીબેન પ્રશાંતભાઈ આચાર્ય

શ્રી દર્શનભાઈ અરવિંદભાઈ ત્રિવેદી

માહિતી માટે મો. 999 8000 450

**સદભાવ આજીવન લવાજમ**

સ્થાનિક - ₹.1000/- વિદેશમાં - ₹.2500/-

**જાહેરાતના દર**

ફોર કલર

₹. 6000/- સ્પોન્સરશીપ

₹. 1500/- કલર પેજ આખુ

₹. 750/- કલર પેજ અડધુ

B/W ₹. 1000/- અંદરનુ આખુ પેજ

B/W ₹. 500/- અંદરનુ અડધુ પેજ

## રસથાળની સ્વાદિષ્ટ વાનગીઓ

પેજ નં.

૧. તંત્રી સ્થાનેથી...............૨

૨. જ્ઞાતિ સમાચાર..............૪

૩. ઈનામ વિતરણ............૧૧

૪. જ્ઞાતિ ગૌરવ................૧૫.

૬. દાન સરવણી...............૧૫

૭. અવસાન નોંધ.............૧૬

- સ્પોન્સરશીપ આપનારને ટાઈટલ-1 ઉપર તેમના કુળદેવીનો ફોટો તથા નામ વિગત તથા ટાઈટલ-2 ઉપર તેમના દ્વારા અપાતી મેટર આપી શકાશે. આ ઉપરાંત અંદરનુ એક સાદુ ફુલ પેજ મળશે.
- સદભાવમાં પ્રગટ થતા લેખ-જાહેરાતના સમાવેશનો નિર્ણય તંત્રી-સંપાદક મંડળને આધીન રહેશે.
- સદભાવમાં પ્રગટ થતા લેખ માટે લેખક જવાબદાર છે. લેખમાં પ્રગટ થતા વિચારો કે લેખ સાથે સદભાવ સહમત હોય તે અનિવાર્ય નથી.

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદના નામનો ચેક મોકલવો. કેશ ભરનારે સ્લીપ સંસ્થાને મોકલી આપવી.

પંજાબનેશનલ બેંક, બાપુનગર, અમદાવાદ
2138000100044823
IFSC : PUNB0213800

યુનિયન બેંક ઓફ ઈન્ડીયા, બાપુનગર, અમદાવાદ
454802010590599
IFSC : UBIN0545481

# તંત્રી સ્થાને થી

- હિતાર્થીબેન વ્યાસ

## ચિડીયા ચુગ ગઈ ખેત

45 વર્ષના દિવાનની નોકરી છૂટી ગઈ હતી બોસે તેને અપમાનિત કરીને ઓફિસમાંથી કાઢી મુક્યો હતો. છેલ્લા બાર મહિનામાં ત્રીજી વખત તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો.

રાત થઈ ચૂકી હતી તે બજારમાં એક ઝાડ નીચે મૂકેલી બેંચ પર બેઠો હતો તેને ઘરે જવાનું જરાય મન નહોતું થતું. બેન્ચ પર બેઠા બેઠા તે પોતાના મિત્રોને વારંવાર ફોન કરી રહ્યો હતો. તે તેમને વિનંતી કરતો હતો કે "જો ક્યાંય જગ્યા ખાલી હોય તો જણાવો મારે તરત જ નોકરી ની જરૂર છે".

દિવાન કામચોર ન હતો પરંતુ કોમ્પ્યુટરના વધતા જતા ઉપયોગે તેને નબળો પાડી દીધો હતો. જોકે તેણે કોમ્પ્યુટર ચલાવતા શીખી તો લીધું હતું પણ નવા છોકરાઓ જેટલું ઝડપી કોમ્પ્યુટર તેને આવડતું નહોતું અને આ કારણે તેનાથી ભૂલો થઈ જતી હતી રાત્રે ૧૦વાગે તે હતાશ અને નિરાશ થઈને ઘરે પહોંચ્યો.

આમ પ્રવેશતાની સાથે જ પત્ની રાડ પાડીને બોલી "ક્યાં હતા? આટલી રાત સુધી કોની સાથે જલસા કરી રહ્યા હતા? તમને શરમ પણ નથી આવતી? ઘરમાં જુવાન દીકરો અને દીકરી બેઠા છે તેમની લગ્નની ઉંમર નીકળતી જાય છે ક્યારે ભાન આવશે?""તમને જો આટલી જવાબદારી નહોતી નિભાવી તો તેમને પેદા કેમ કર્યા હતા?" દિવાન કંઈ પણ બોલ્યો નહીં પત્નીની રોજ રોજની કચકચ નો જવાબ આપવાનું તેણે છોડી દીધું હતું, તે બહાર રાખેલી ટાંકીના નળ પર હાથમાં ધોઈ રહ્યો હતો ત્યાં જ દીકરી દોડતી તેની પાસે આવી, આવતા ની સાથે દીકરી બોલી પપ્પા તમે મારા માટે નવો મોબાઈલ લાવ્યા? દિવાને દીકરીને પણ કોઈ જવાબ આપ્યો નહીં, દિકરી ફરી બોલી "પપ્પા તમે જવાબ કેમ નથી આપતા?" સવારે તો તમે પાકું પ્રોમિસ કરીને ગયા હતા ને કે રાત્રે પાછા ફરતી વખતે મારા માટે મોબાઈલ લઈને આવશો? દિવાન ચૂપ જ રહ્યો તે જવાબ આપે તો પણ શું આપે?

દીકરીના મોબાઈલ માટે એડવાન્સ પૈસા માગવા બદલ જ તો બોસે તેને નોકરીમાંથી કાઢી મુક્યો હતો. દીકરી પોતાના હાથમાં પકડેલો જુનો ફોન બતાવીને બોલી "એ તમને શું લાગે છે પપ્પા હું જૂઠું બોલું છું?" જુઓ આ મોબાઈલ ખરેખર બગડી ગયો છે, ફોન કરતા ની સાથે જ હેન્ગ થઈ જાય છે. દિવાન ચૂપ હતો તે પોતાની નોકરી છૂટી જવાની વાત પણ કોઈને કહેવા માગતો નહોતો. કારણ કે તે જાણતો હતો કે જો આ વાત કહેશે તો દીકરો દીકરી અને પત્ની બધા તેની પાછળ પડી જશે. તેઓ તેને જ કોષવા લાગશે કે તે ઢંગથી કામ નથી કરતો એટલે જ દર ચોથા મહિને તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવે છે. હાથમો ધોયા પછી તે સીધો પોતાના રૂમમાં ગયો જ્યાં બેડ પર આડી પડેલી પત્ની મોબાઈલમાં રત થઈ હતી. જેની આંખો મોબાઈલની સ્ક્રીન પર અને કાન ઘરમાં થતી વાતો સાંભળતા હતા.

જેવો દિવાને રૂમમાં પગ મુક્યો કે તરત જ તે તાડુકી "જવાબ કેમ નથી આપતા? બહેરા થઈ ગયા છો કે શું?" "દીકરીને મોબાઈલ કેમ ન લાવી આપ્યો?" તે દબાયેલા અવાજે બોલ્યો પૈસા હાથમા નથી આવ્યા જ્યારે પૈસા મળશે ત્યારે લાવી આપીશ. પત્ની બોલી હાથમા નહોતા તો કોઈની પાસે ઉધાર લઈ લેવા હતા. તમે જાણો છો કે તે કોમ્પિટિશન ની તૈયારી કરી રહી છે. મોબાઈલ વગર તે કેવી રીતે ભણશે? દિવાન પાસે જવાબ આપવા માટે ઘણું બધું હતું પણ હવે તેણે ચૂપ રહેતા શીખી લીધું હતું.

તે રસોડામાં ચાલ્યો આવ્યો જાતે જ થાળી નીકાળી અને જમવા બેઠો દિવાનની દીકરી ૨૨ વર્ષની થઈ ચૂકી હતી અને દીકરો

- ચિડીયા ચુગ ગઈ ખેત

૨૪ વર્ષનો થઈ ચૂક્યો હતો. બંને ભણવામાં ઓછું અને સોશિયલ મીડિયા પર વધારે સમય વિતાવતા હતા. આ જ કારણે કોઈ પરીક્ષા પાસ કરવાનો સવાલ જ ઊભો થતો ન હતો.

હજી દિવાને જમવાનું પૂરું પણ કર્યું નહોતું ત્યાં તેનો દીકરો ઘરની બહારથી ગીત ગણગણાવતો સીધો રસોડામાં આવ્યો પરંતુ દિવાનને ત્યાં ખાતો જોઈને તે તરત પોતાના રૂમમાં ચાલ્યો ગયો, દિવાને નોટિસ કર્યું કે તેના પગ લથડતા હતા અને તે ચોક્કસ પોતાના દોસ્તારો સાથે બેસીને પીને આવ્યો હતો. શરૂઆતમાં જ્યારે દીકરો પીને ઘરે આવતો ત્યારે દિવાન તેને ખૂબ વઢતો હતો. પરંતુ એક દિવસ દીકરો સામે બોલી ગયો. દિવાનને બહુ ગુસ્સો આવી ગયો આથી તેને દીકરાને થપ્પડ મારવા ચાહી, ત્યારે દીકરાએ તેનો હાથ પકડી લીધો અને ગુસ્સામાં તેને આંખો બતાવવા લાગ્યો. એ દિવસ પછી દિવાને દીકરાને કંઈ પણ કહેવાનું છોડી દીધું હતું .

તે જમીને પાછો રૂમમાં આવ્યો ત્યારે પત્નીની કચ કચ ફરી શરૂ થઈ ગઈ હતી. પણ તે ચાદર ઓઢીને ચૂપચાપ સૂઈ ગયો. સવારે વહેલા ઊઠીને તે ફરી કામની શોધમાં નીકળી પડ્યો તે જાણતો હતો કે કામ કર્યા વગર બધું વિખરાઈ જશે. ઘર ખર્ચ ચલાવવાનો હતો છોકરાઓની ભણવાની જરૂરિયાતો પૂરી કરવાની હતી અને તેમના લગ્ન પણ કરાવવાના હતા, સાંજ સુધી તે ભૂખ્યો ઓફિસોના ચક્કર કાપતો રહ્યો. ખાવાનું ન ખાવાને કારણે તેને શરીરનું શુગર લેવલ બહુ લો થઈ ગયું હતું, આખા શરીરમાં જાણે સુસ્તી આવી ગઈ હતી, તે વિચારોને વિચારોમાં ચાલતો હતો. ખબર નહીં ક્યારે ચાલતા ચાલતા તે ફૂટપાથ પરથી મુખ્ય રોડ પર આવી ગયો. એક પૂરપાટ ઝડપે દોડતો ટ્રક તેના ઉપરથી નીકળી ગયો, દિવાનને તડપવાનો મોકો પણ ન મળ્યો. રસ્તા પર જ તેનું પ્રાણ પંખેરું ઉડી ગયા.

દિવાન ના દીકરા દીકરી અને પત્નીએ રડતા કકળતા તેનો અંતિમ સંસ્કાર કર્યો. તેના ગયા પછી ઘરનો માહોલ પૂરેપૂરો બદલાઈ ગયો હતો. જે લોકો પાસેથી ઉધાર પૈસા લીધા હતા તેઓ રોજના ઘરના આંટા મારવા લાગ્યા હતા. સગા સંબંધીઓએ ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા, ઘરનું વાઇફાઇ કનેક્શન કપાઈ ચૂક્યું હતું અને અચાનક જ ઘરમાં નેટ ચાલવાનું બંધ થઈ ગયું હતું. દીકરા અને દીકરી હવે જમવામાં વાંકું નહોતા કાઢતા, જે પણ મળી જતું તે ખાઈને પાણી પી લેતા હતા.

દીકરાની આઝાદી છીનવાઈ ગઈ હતી હવે તે કપડાની દુકાનમાં માત્ર ૭૦૦૦ રૂપિયા મહિનાની નોકરી કરવા લાગ્યો હતો. દીકરી પણ એક પ્રાઈવેટ સ્કૂલમાં ૫૦૦૦ રૂપિયા મહિનાની નોકરી કરવા લાગી હતી પત્ની માટે તો બધું જ બદલાઈ ગયું હતું. માથાનું સિંદૂર ભૂસાયાની સાથે જ તેમની પાસેથી સજવા સંવારવા નો અધિકાર છીનવાઈ ગયો હતો, હવે તે કલાકો સુધી અરીસા સામે ઊભી નહોતી રહેતી. પતિને જોતા જ જે કચ કચ શરૂ કરી દેતી હતી તે હવે તેના અવાજ સાંભળવા માટે પણ તરસતી હતી, પતિ જ્યારે જીવતો હતો ત્યારે તે એકદમ નિશ્ચિત થઈને ઊંઘતી હતી પરંતુ તેના ગયા પછી એક નાનકડો અવાજ પણ તેને ડરાવી દેતો હતો તે રાતભર ઊંઘ માટે તરફડતી રહેતી હતી.

તેના ગયા પછી આખા પરિવારને ખબર પડી ગઈ હતી કે તે તેમના માટે ઘણું બધું હતો. તે સુખ ચેન હતો, તે ઊંઘ હતો, તે રોટલો હતો, કપડું હતો અને મકાન હતો તે આખો બજાર હતો અને તેમની દરેક ઈચ્છાઓ નો આધાર હતો. પરંતુ તેની કિંમત તેના જીવતે જીવ કોઈને જ નહોતી સમજાઈ. હવે ઘરમાં પૈસા તો ન હતા પણ શાંતિ પણ નહોતી રાત્રે બધા જમ્યા પછી પોતાના બિસ્તર પર સુતા સુતા વિચારતા કે કાશ તેમણે પણ પોતાના પિતાની ભાવનાઓ સમજી હોત, તેમની ઈજ્જત કરી હોત પરંતુ હવે પસ્તાવો કરવાથી શું મળશે, જ્યારે ચીડિયા ચુગ ગઈ છે ખેત..

# શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ

૪૧૨, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર્સની સામે, શ્યામશિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-૨૫.

31.03.2026

ના રોજ પુરા થતા વર્ષનું સરવૈયુ

| મુડી દેવા | રકમ રૂ. | મિલ્કત લેણા | રકમ રૂ. |
|---|---|---|---|
| મહિલા મંડળ લવાજમ | 54910.00 | એરકંડીશનર | 8673.00 |
| સદ્ભાવ લવાજમ | 595698.75 | કોમ્પ્યુટર | 1175.00 |
| જ્ઞાતિ આજીવન લવાજમ | 127087.00 | ફર્નિચર | 12559.25 |
| યુવક મંડળ આજીવન લવાજમ | 17270.00 | ઓફીસ બિલ્ડીંગ | 89036.00 |
| બિલ્ડીંગ ફંડ | 174829.00 | મોબાઈલ ફોન | 6156.00 |
| વિદ્યોતેજક ફંડ | 1784894.27 | ફિક્સ ડીપોઝીટ-(યુ.બી.આઈ) | 3515421.00 |
| દેવમગન શ્રાવણી ફંડ | 982602.79 | ફિક્સ ડીપોઝીટ-(પી.એન.બી.) | 7083454.00 |
| શાંતાબા-રૂક્ષમણીબા ભગીરથી ફંડ | 3010128.00 | એજ્યુકેશન લોન | 68000.00 |
| અન્ન સહાય ફંડ | 33335.00 | એ.ઈ.સી. સીક્યુરીટી ડીપોઝીટ | 500.00 |
| સ્વ.હર્ષદભાઈ પોપટલાલ હાયર એજ્યુ. ફંડ | 1723297.68 | ટેલીફોન ડીપોઝીટ | 500.00 |
| મેડીકલ રીલીફ ફંડ | 98773.00 | રોકડ | 750.00 |
| ઓફીસ રીનોવેશન ફંડ | 120400.00 | યુનીયન બેંકઓફ ઈન્ડીયા સેવિંગ્સ | 101113.87 |
| વાડી ફંડ | 1371054.00 | પી.એન.બી. સેવિંગ્સ | 138238.99 |
| ખેલ-કુદ ઉત્કર્ષ ફંડ | 593512.00 | ટીડીએસ (A.Y.26-27)★★ | 70189.00 |
| એકાઉન્ટન્ટ ખર્ચ | 7500.00 | | |
| ઓડીટ ખર્ચ | 7000.00 | | |
| માનદ વેતન | 5000.00 | | |
| એ.સી.ઈ કુરીયર | 1458.00 | | |
| પ્રિન્ટવેલી | 20000.00 | | |
| જાવક કરતા આવકનો વધારો(અગાઉના વર્ષનો) | 215854.80 | | |
| જાવક કરતા આવકનો વધારો(ચાલુ વર્ષનો) | 151161.82 | | |
| કુલ | 11095766.11 | કુલ | 11095766.11 |

## અગત્યની સુચના

**જાન્યુઆરી, માર્ચ, મે, જુલાઈ, સપ્ટેમ્બર અને નવેમ્બર મહિનામાં સદ્ભાવ સમયસર પ્રકાશિત થાય એ માટે જે તે મહિનાની ૧૦ તારીખ સુધીમાં માહિતી , લેખ, જાહેરાત વિગેરે તંત્રી/સહતંત્રી ને મોકલી આપવા જેથી અંક નિયમિત રીતે ૨૦ કે ૨૫ તારીખ સુધીમાં સૌને મળી જાય.**

## શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ

૪૧૨, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર્સની સામે, શ્યામશિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-૨૫.

### 2025-26 ના વર્ષનું આવક-જાવક ખાતુ

| આવક | રકમ રૂ. | જાવક | રકમ રૂ. |
|---|---|---|---|
| ખુશીભેટ | 20580.00 | પારિતોષીક ખર્ચ | 36750.00 |
| ફિક્સ ડીપોઝીટનું વ્યાજ | 701853.00 | શિષ્યવૃતિ (પુસ્તક-નોટબુક સહાય) | 83850.00 |
| સેવિંગ્સ ખાતાનું વ્યાજ | 4717.00 | સાંસ્કૃતિક કાર્યક્રમ | 72244.00 |
| વાર્ષીક સહયોગ | 24200.00 | દેવ મગન શ્રાવણી ખર્ચ | 67500.00 |
| સદ્‌ભાવ જાહેરાત | 81150.00 | વિધવા સહાય | 192000.00 |
| ટી.ડી.એસ રીફંડ વ્યાજ | 3822.00 | સદ્‌ભાવ ખર્ચ | 144805.00 |
| સાંસ્કૃતિક કાર્યક્રમ આવક | 123787.00 | એકાઉન્ટન્ટ ચાર્જીસ | 7500.00 |
| સુંદરકાંડ પાઠ આવક | 59204.00 | અસાધારણ સામાન્ય સભા ખર્ચ | 13752.00 |
| | | ઓડીટ ચાર્જીસ | 8850.00 |
| | | બેંક ચાર્જીસ | 435.18 |
| | | વહીવટી ફાળો(ચેરીટી કમીશ્નર) | 12707.00 |
| | | ઘસારો | 14689.00 |
| | | ઓફીસ ઈલેક્ટ્રીક ખર્ચ | 5350.00 |
| | | માનદ વેતન | 60000.00 |
| | | ઔષધ સહાય | 10000.00 |
| | | મોબાઈલ ખર્ચ | 3968.00 |
| | | મ્યુનિસીપલ ટેક્સ | 3211.00 |
| | | ઓફીસ ખર્ચ | 9985.00 |
| | | પ્રોફેશનલ ખર્ચ(દર્પણ રજીસ્ટ્રેશન) | 3500.00 |
| | | રમતોત્સવ ખર્ચ | 98210.00 |
| | | ઓફીસ-રીપેરીંગ ખર્ચ | 8800.00 |
| | | સ્ટેશનરી અને પ્રિન્ટીંગ ખર્ચ | 45.00 |
| | | સુંદરકાંડ પાઠ ખર્ચ | 10000.00 |
| | | જાવક કરતા આવકનો વધારો | 151161.82 |
| | | સરવૈયા ખાતે લઈ ગયા | . |
| કુલ | 1019313.00 | કુલ | 1019313.00 |

# આ કેવીરીતે બન્યું?

- હિતાર્થીબેન વ્યાસ

ભારતની સંયુક્ત કુટુંબ વ્યવસ્થાને તોડવાનું કાવતરું"કુટુંબ તૂટશે, તો બજાર ફાલશે" —: આ ફક્ત એક વિચાર નથી, પણ એક સંપૂર્ણ નીતિ છે.આધુનિકતા તરફ પ્રયાણ કે છૂપી ગુલામી?*ભારતની સાચી તાકાત શું હતી?મુઘલો આવ્યા, અંગ્રેજો આવ્યા, અનેક વિદેશી આક્રમણકારો આવ્યા — પણ એક વસ્તુ અખંડ રહી — આપણી સંયુક્ત કુટુંબ વ્યવસ્થાએ જ હતી આપણી સાચી "Social Security"ના પેન્શનની જરૂર, ના એકલતા, ના માનસિક રોગોનો હાહાકાર.

તો પછી પશ્ચિમના જગતને આ વ્યવસ્થા કેમ ખટકવા લાગી?પશ્ચિમી દેશો એટલે સંસ્થાનવાદી — તેમનો સૌથી મોટો ધર્મ એટલે બજાર.પણ ભારત જેવા દેશમાં, જ્યાં લોકો સુખ-દુઃખ વહેંચે છે, ઓછો ખર્ચ કરે છે, અને સામૂહિક વિચાર કરે છે — અહીં તેમના ઉત્પાદનો વેચી શકાતા નહોતા.એટલે એક હોશિયાર યોજના ઘડાઈ:"કુટુંબો તોડો, માણસોને એકલા કરો, અને દરેક જણ ગ્રાહક બની જશે."આ હુમલો કેવી રીતે થયો?સમાચાર અને સામાજિક માધ્યમોએ સંયુક્ત કુટુંબોને ચીતર્યા :- "ઝઘડાખોર",- "બોજ",- "પ્રગતિમાં અડચણ",જ્યારે નાના કુટુંબો (nuclear families) બતાવ્યા:- "સ્વતંત્રતા",- "આધુનિકતા",- "સ્વબળે ઊભા રહેલા".

યાદ રાખો: કેટલી TV સિરિયલોમાં સાસુ-વહુના ઝઘડાનો અંત "અલગ થઈ જવું" એ જ ઉપાય તરીકે બતાવાય છે?---ગ્રાહકવાદ (Consumerism):જ્યારે દરેક દંપતી અલગ રહેવા લાગ્યું:-

1 કુટુંબ = 4 ઘર- 1 TV = 4 TV- 1 રસોડું = 4 રસોડાં- 1 કાર = 4 સ્કૂટર + 2 કાર

બજાર તેજીમાં આવ્યું, પણ સમાજ પડી ભાંગ્યો.---આ "સંગઠિત હુમલા"ના ભારતમાં શું પરિણામ આવ્યા?સામાજિક અધોગતિ:- વડીલો હવે "બોજ"- બાળકો એકલા (અને સ્ક્રીનમાં ખોવાયેલા)- સગાં-સંબંધી "ઉપલબ્ધ જ નથી"- સંસ્કારોનું સ્થાન હવે "ઇન્ફ્લુએન્સર્સ" એ લઈ લીધું છેમાનસિક સ્વાસ્થ્યનો સંકોચ:- પહેલાં દાદા-દાદી સાથે જે વાત થતી, તે હવે "કાઉન્સેલર" પાસે થાય છે- જ્યારે પ્રેમથી એકલતા દૂર થતી, તે હવે ઉપચારથી ઓછી કરવી પડે છેબજારના ફાયદા:- દરેક સમસ્યા માટે એક પ્રોડક્ટ- દરેક લાગણી માટે એક એપ- દરેક તહેવાર માટે "ઓનલાઈન ઓર્ડર""સબસ્ક્રિપ્શને સંસ્કારોની જગ્યા લઈ લીધી છે."---આજનો સવાલ — આપણે શું બની રહ્યા છીએ?"આધુનિકતા"ના નામે આપણે:- સંયુક્ત કુટુંબોને કહ્યા "જૂનવાણી"- માતા-પિતા બન્યા "અડચણો"- કુટુંબો બન્યા "ન ગમતી લાગણી"- સંબંધો બન્યા "અનફોલો"પણ વિચાર્યું છે ક્યારેય?- Amazon ને ફાયદો થાય છે જ્યારે તમે દિવાળીએ એકલા ખરીદી કરો છો, કુટુંબ સાથે બેસતા નથી.- Zomato કમાય છે જ્યારે તમે માના હાથનું ભોજન ટાળો છો.- Netflix ચાલે છે જ્યારે તમે દાદીમાની વાર્તાઓ ટાળો છો.---ઉપાય: હજી મોડું થયું નથી- સંયુક્ત કુટુંબો "બોજ" નથી, એ "અમૂલ્ય સંપત્તિ" છે.- બાળકોને ગ્રાહક તરીકે નહીં, પણ સંસ્કારી માણસ તરીકે ઉછેરો.- વડીલોને ઘરની બહાર ન કાઢો — તેમનો અનુભવ Google કરતાં શ્રેષ્ઠ છે.- તહેવાર "ખરીદી માટે" નહીં, પણ ઉત્સવ માટે ઉજવો.- એપ્સ નહીં, પ્રેમ વધારો — એટલે એકલતા આપોઆપ ઓછી થઈ જશે.---નિષ્કર્ષ:"પશ્ચિમ જગતે વેપાર માટે કુટુંબો તોડ્યા, અને આપણે 'આધુનિક' થવા માટે આપણી ઓળખ વેચી નાખી."હવે થોભવાની, વિચારવાની અને આપણા સંસ્કારો તરફ પાછા ફરવાની વેળા આવી છે — નહીં તો આવતી પેઢી 'સંયુક્ત કુટુંબ' એટલે શું, એ સમજવા માટે Google વાપરશે.

# શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ

રજી. નં. એ-૨૭૪૫

**૪૧૨, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર્સની સામે, શ્યામશિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-૨૫. મો.:૯૯૯૮૦૦૦૪૫૦**

## વાર્ષિક સાધારણ સભા

સંસ્થાની આગામી વાર્ષિક સાધારણ સભા તા. ૨૩-૦૮-૨૦૨૬ને રવિવારના રોજ બપોરે ૨ વાગે મંગલ પાંડે હોલ, નિકોલ, અમદાવાદ ખાતે મળશે તો આપ સૌ જ્ઞાતિજનોને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી

### કાર્યસુચી

૧. તા. ૦૩-૦૮-૨૦૨૫ની વાર્ષિક સાધારણ સભાના તથા તા.૨૩-૧૧-૨૦૨૫ની ''અસાધારણ સભા'' ના ઠરાવો મંજુર કરવા બાબત

૨. તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ પુરા થયેલ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ઓડીટ થયેલ આવક-જાવકના હિસાબો તથા વર્ષ આખરનું સરવૈયુ જે આ સાથે સામેલ છે તે મંજુર કરવા બાબત.

૩. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ને માટે સામાન્ય સભ્યો, આજીવન સભ્યો, 'સદ્‌ભાવે' આજીવન સભ્યો, ખુશીભેટ, દાન, ભૂમિદાન, વાડી ફંડ, શ્રાવણી ફંડ તથા અન્ય ફંડ માટે રકમો નોંધાવવા બાબત.

૪. ચાલુ વર્ષ માટે બંધારણ મુજબની નવી કાર્યવાહક સમિતિના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી તથા છ કાર્યવાહક સમિતિના સભ્યોની ચુંટણી કરવા બાબત તથા ટ્રસ્ટીમંડળની રચના કરવા બાબત.

૫. નાણા ભંડોળ વધારવા માટે તથા આગામી કાર્યક્રમો ના આયોજન બાબત.

૬. પ્રમુખશ્રી દ્વારા તથા તેમની મંજુરીથી જે રજુ થાય તે બાબતે વિચારણા કરવા બાબત.

૭. આભારવિધિ.

આભાર સહ..


### ટ્રસ્ટી મંડળ અને કારોબારી સમિતી

પ્રમુખ : શ્રી ધર્મેન્દ્રભાઈ વસંતભાઈ પંડિત
ઉપપ્રમુખ : શ્રી યોગેશભાઈ હિંમતલાલ રાજ્યગુરૂ,
શ્રી દિપનભાઈ બાબુલાલ વ્યાસ
મંત્રી : શ્રી દર્શનભાઈ અરવીંદભાઈ ત્રિવેદી
સહમંત્રી : શ્રી નિખિલ શાંતીલાલ વ્યાસ
શ્રી મિહિર હિમાંશુભાઈ ભટ્ટ
ઈન્ટરનલ ઓડીટર : શ્રી નિતિનભાઈ ઈશ્વરલાલ ત્રિવેદી
પ્રમુખ યુવક મંડળ : શ્રી પંકજભાઈ રાજ્યગુરૂ
ઉપપ્રમુખ યુવક મંડળ : શ્રી હિરેનભાઈ દિનેશભાઈ ભટ્ટ

ટ્રસ્ટી : શ્રી ધર્મેન્દ્રભાઈ વસંતભાઈ પંડિત
મેનેજીંગ ટ્રસ્ટી : શ્રી કિશોરભાઈ ફુલશંકર પંડિત
ટ્રસ્ટી : શ્રી હરેશભાઈ રવિશંકર જોષી
ટ્રસ્ટી : શ્રી ભાસ્કરભાઈ નાનાલાલ ભટ્ટ
ટ્રસ્ટી : કુ. દક્ષાબેન મગનલાલ ત્રિવેદી
એક્સટર્નલ ઓડીટર : ભલગામી એન્ડ રંગાણી સી.એ.
પ્રમુખ મહિલા મંડળ : શ્રીમતી ઈલાબેન હરેશભાઈ જોષી
મંત્રી મહિલા મંડળ : શ્રીમતી પ્રિતીબેન પ્રશાંતભાઈ આચાર્ય


નોંધ :- ૧. કોરમના અભાવે મુલત્વી રહેલ મીટીંગનું કામકાજ ઉપરોક્ત સ્થળે હાજર રહેલ સભ્યોની સંખ્યાને કોરમ ગણી મીટીંગના નિયત સમય બાદ ૩૦ મિનીટ પછી શરૂ થશે.

૨. સર્વે સભાસદ ભાઈઓને સરવૈયાની કોપી મીટીંગમાં સાથે લાવવા વિનંતી.

૩. સરવૈયા અંગે કોઈ જાણકારી મેળવવી હોયતો મીટીંગ પહેલા અગાઉથી મંત્રીશ્રીને લેખિત જાણ કરવાની રહેશે.

### અગત્યની સુચના

- જ્ઞાતિના કોઈપણ પ્રોગ્રામમાં આપની સમયસર હાજરી કાર્યક્રમનો જુસ્સો વધારે છે. અને ઈનામવિતરણ કાર્યક્રમમાં બધા બાળકોને પ્રોત્સાહીત કરવા એ પણ આપણી ફરજ છે. (નહી કે પોતાના બાળકનો વારો આવી જાય એટલે જતાં રહેવુ. અથવા પોતાના બાળકનો વારો આવે ત્યારે જ આવવું.)
- જેમના બાળકો ૧૮ વર્ષથી ઉપરના હોય તેમણે દિકરા ને યુવા મંડળમાં અને દિકરીને મહિલામંડળમાં સભ્ય બનાવવા જેથી જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની જાણકારી મળતી રહે અને ભાગ લઈ શકાય. ગત વર્ષે ક્રિકેટ અને સુંદરકાંડ બંને કાર્યક્રમમાં થોડી ઓછી હાજરી હતી. આપ જાણો છોકે દરેક જ્ઞાતિઓ વિવિધ કાર્યક્રમો કરતી હોય છે, અને તેમાં જે તે જ્ઞાતિની બહુજ વિશાળ હાજરી થતી હોય છે. જે જ્ઞાતિની એકતા અને સંગઠન વધારે છે.જે થી જ્ઞાતિના ઘણા બધા સામાજીક પ્રશ્નો હલ થઈ જાય છે. તો આપની હાજરી એ જ્ઞાતિની કાર્યદક્ષતા વધુ મજબુત કરે છે. અને જ્ઞાતિ પ્રત્યે ભાઈચારા અને સહકાર ની ભાવના યુવાનો માં પણ ફેલાય છે. તો જ્ઞાતિના બધાજ કાર્યક્રમો માં વધુમાં વધુ હાજરી આપો તેવી વિનંતી.

Vasudev Pandey

M.9898618855

# V.D. Plast Mould

**Mfg. Plastic Injection Mould**

www.vdplastmould.com

Email : vdplastmould@gmail.com

90, Arihant Estate, Nr. Girnar Scooter Compound,
S.P.Ring Road, Odhav, Ahmedabad-382415.

---

## GALE AMBE ENTERPRISE

**SPECIALIST IN :**
**PRECISION TUBE MACHINERIES**

**MATHUR J. PATEL**

+91 9727686355

mjp_patel@yahoo.com

24BFBPP7809B1ZP

335, Road No. 10,
Gopal Charan Industrial Hub,
Bakrol, Ahmedabad - 382433

# શ્રધ્ધાંજલી



આપ અમારી સાથે નથી હવે પરંતુ તમારી વ્હાલસોયી યાદોનો અખુટ ભંડાર અમારા હ્રદયમાં ધબક્યા કરે છે, આપનું સિંહ સમું વ્યક્તિત્વ, સદા હસતો ચહેરો, બધાને મદદરૂપ થવાની ભાવના, ઉદારતા, નિડરતા અને આપના પ્રેમભર્યા સાનિધ્યમાં અનુભવી હતી એ હુંફ, એ ઉષ્મા...આપની સાથે વિતાવ્યો હતો એ સમય, એ જીંદગી...એ બધું અકબંધ રહ્યુ છે, બસ કંઈક ખુટે છે તો એ છે તમારૂ સાનિધ્ય, તમારો એ સાદ ને તમારો એ વ્હાલ... આપ જ્યાં હો ત્યાંથી અમારા ઉપર આર્શીવાદ વરસાવતા રહો એ જ પ્રાર્થના.. આપના દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના.

## ચક્ષુદાતા - સ્વ.જનકરાય વૃજલાલ વ્યાસ (ચિત્રાવાવ ગૃપ) હાલ-સિહોર

લિ.

ગં.સ્વ કુંદનબેન જનકરાય વ્યાસ

| | |
|---|---|
| અશોકભાઈ જનકરાય વ્યાસ | આરતી અશોકભાઈ વ્યાસ |
| કૌશિક જનકરાય વ્યાસ | નીતા કૌશિકભાઈ વ્યાસ |
| આશિષ જનકરાય વ્યાસ | કોમલ આશિષભાઈ વ્યાસ |
| વિશાલ અશોકભાઈ વ્યાસ | યશ્વી કૌશિકભાઈ વ્યાસ |
| બ્રિન્દા આશિષભાઈ વ્યાસ | ક્રિષા કૌશિકભાઈ વ્યાસ |
| શુભમ આશિષભાઈ વ્યાસ | વિશ્વમ્ કૌશિકભાઈ વ્યાસ |

ફર્મ

ગાયત્રી માં કાર એસેસરીઝ
94277 77378
ગાયત્રી ન્યૂઝ એજન્સી
94277 77378
જય ઈલેક્ટ્રોનિક્સ
94284 94945
નેશનલ સિક્યુરિટી (અંકલેશ્વર)
વિશાલ વ્યાસ 87807 37091


**With Best Compliments...**

*Celebrating successful* CELEBRATING 5 YEARS ANNIVERSARY *years...*

®

Crescendo Healthcare

a fast growing pharmaceutical company


Ahmedabad - Bhaumik Acharya - mob. 8980699665

- Inviting frenchise partnership for various districts of Gujarat.
- Exciting opportunity to enter in the pharma field
- We provide full marketing support - best rates - training for new beginers
- We give preference to Brahmin first

contact us for more information



hp ecosolutions
Trained Printing Company
ANEKAT INC
THE SIGN & PRINT HUB
www.anekat.com
GIVE THEM QUALITY IS THE
BEST KIND OF ADVERTISING
" Anekat signs & prints is Ahemedabad's One of best Firm engaged in the business of Printing and signages. With a Proven and Successful track record of working with hundred of corporates and government organisations Since 1997 "
DIGITAL PRINTING
LED SIGNAGE'S
WALL COVERING & CUSTOMIZED PRINT
STRETCH CEILING
IN SHOP BRANDING
QUAUE MANAGER WITH BRANDING
BACKLIT FABRIC DISPLAY
110-116, ADVAIT, Near Sandesh Press, Vastrapur Lake Road, Bodakdev, Ahmedabad. 380 054 GUJRAT (INDIA)
Office : +91 79 4005 9105 Mobile : +91 98790 59009 Email : anekatinc@gmail.com
Autho
3M COSIGN
Oddy Wallpaper
LG Business Solutions



Enjoy Safety
Ananta Inc
Parking Specialist
Cont :- www antainc.in | +91 079 4005 9105 | +91 98790 59009 Ahmedabad - 054 | INDIA
Airfield Marking
Colored Road Surfacing
Raised Pavement Marker
Road & Highway Markings
Railway & Port Marking
Parking & Industrial Markings

# શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ

## 2025-26 ના વર્ષના તેજસ્વી તારલાઓ

| સી.નં. | નામ | ધોરણ | ટકા | રકમ | દાતા |
|---|---|---|---|---|---|
| ૧ | પંડીત ભવ્યા સમીરભાઈ | નર્સરી | A | 350.00 | સ્વ.વૈધ શ્રી મુગટલાલ પુરસ્કાર |
| ૨ | દવે મિહિત ભાવિનકુમાર | જુ.કે.જી. | 94.40 | 350.00 | સ્વ.વૈધ શ્રી મુગટલાલ પુરસ્કાર |
| ૩ | દવે માનુષી ગૌરાંગભાઈ | જુ.કે.જી. | 93.20 | 350.00 | સ્વ.વૈધ શ્રી મુગટલાલ પુરસ્કાર |
| ૪ | પંડ્યા અથર્વ મયંકકુમાર | સી.કે.જી. | 96.33 | 350.00 | સ્વ.વૈધ શ્રી મુગટલાલ પુરસ્કાર |
| ૫ | વ્યાસ જવલીન બૃહદ | 1 | 94.00 | 350.00 | સ્વ.શાંતાબેન ફુલશંકરપંડીત પુરસ્કાર |
| ૬ | મહેતા પ્રિયાંશ હિતેશભાઈ | 1 | 92.75 | 350.00 | સ્વ.શ્રી પ્રભુદાસ વનમાળીદાસ ભટ્ટ પુરસ્કાર |
| ૭ | જોષી મંનત્રા આશીષભાઈ | 1 | 90.00 | 350.00 | સ્વ.હંસાબેન અને સ્વ.રવિશંકર દયાશંકર જોષી પુરસ્કાર |
| ૮ | શુક્લા પ્રીયાંશ અભિષેકભાઈ | 1 | 76.00 | 350.00 | |
| ૯ | જોષી જૈત્રા જસ્મીનભાઈ | 2 | 97.75 | 350.00 | સ્વ.શાંતાબેન ફુલશંકરપંડીત પુરસ્કાર |
| ૧૦ | જોષી કનિકા પ્રદિપકુમાર | 2 | 95.83 | 350.00 | સ્વ.શ્રી પ્રભુદાસ વનમાળીદાસ ભટ્ટ પુરસ્કાર |
| ૧૧ | જોષી તંશ હેમલભાઈ | 2 | 94.00 | 350.00 | સ્વ.મધુકાન્તાબેન અમૃતલાલ વ્યાસ પુરસ્કાર |
| ૧૨ | દવે દાનવી ભાર્ગવ | 2 | 91.50 | 350.00 | |
| ૧૩ | રાવલ ઉત્સવી સંજયભાઈ | 2 | A | 350.00 | |
| ૧૪ | ભટ્ટ વત્સલ ઉત્પલ | 3 | 99.20 | 350.00 | સ્વ.શાંતાબેન ફુલશંકરપંડીત પુરસ્કાર |
| ૧૫ | પંડ્યા રૂદ્ર મેહુલકુમાર | 3 | 96.77 | 350.00 | સ્વ.શ્રી પ્રભુદાસ વનમાળીદાસ ભટ્ટ પુરસ્કાર |
| ૧૬ | વ્યાસ વીર દેવાંગકુમાર | 3 | 80.00 | 350.00 | સ્વ.સરસ્વતીબેન અને સ્વ.દોલતરાય ભાનુશંકર શુક્લ પુરસ્કાર |
| ૧૭ | દવે ધ્વનીત આશીષભાઈ | 4 | 93.92 | 350.00 | સ્વ.શાંતાબેન ફુલશંકરપંડીત પુરસ્કાર |
| ૧૮ | દવે ધૈર્ય દેવેન્દ્રભાઈ | 4 | 92.00 | 350.00 | સ્વ.શ્રી પ્રભુદાસ વનમાળીદાસ ભટ્ટ પુરસ્કાર |
| ૧૯ | પંડ્યા સાક્ષી તુષારભાઈ | 4 | 88.40 | 350.00 | સ્વ.વિશાલ મનીષભાઈ આચાર્ય પુરસ્કાર |
| ૨૦ | પંડ્યા દ્વિજા મયંકકુમાર | 5 | 99.80 | 350.00 | સ્વ.ફુલશંકર ઉમીયાશંકર પંડીત પુરસ્કાર |
| | | | ગણિત-100/100 | 350.00 | સ્વ.શ્રી મગનલાલ અંબાશંકર ત્રિવેદી પુરસ્કાર |
| ૨૧ | ત્રિવેદી ધ્વનિત આશીષભાઈ | 5 | 97.00 | 350.00 | સ્વ.શ્રી પ્રભુદાસ વનમાળીદાસ ભટ્ટ પુરસ્કાર |
| ૨૨ | દવે વેદ ભાવિનકુમાર | 5 | 93.14 | 350.00 | સ્વ.સરસ્વતીબેન અને સ્વ.દોલતરાય ભાનુશંકર શુક્લ પુરસ્કાર |
| ૨૩ | વ્યાસ પ્રાંશી નીખીલ | 5 | 77.50 | 300.00 | |
| ૨૪ | જોષી દેવમ જલ્પેશભાઈ | 5 | pass | 300.00 | |
| ૨૫ | જોષી આદિત્ય ભાવેશભાઈ | 6 | 93.22 | 350.00 | સ્વ.ફુલશંકર ઉમીયાશંકર પંડીત પુરસ્કાર |
| ૨૬ | મહેતા કુશ પરેશકુમાર | 6 | 86.11 | 350.00 | સ્વ.શ્રી પ્રભુદાસ વનમાળીદાસ ભટ્ટ પુરસ્કાર |
| ૨૭ | દવે પલક દેવેન્દ્રભાઈ | 6 | 84.88 | 350.00 | સ્વ.લક્ષ્મીશંકર દવે પુરસ્કાર |
| ૨૮ | રાજ્યગુરૂ દિયા પંકજકુમાર | 6 | 82.43 | 350.00 | |
| ૨૯ | જોષી હેત્વી અમ્બેશભાઈ | 6 | 76.81 | 300.00 | |
| 30 | રાવલ શ્રીગાંક સરન | 7 | 96.14 | 350.00 | સ્વ.ફુલશંકર ઉમીયાશંકર પંડીત પુરસ્કાર |
| ૩૧ | આચાર્ય વિપ્રા ભૌમીકભાઈ | 7 | 91.00 | 350.00 | સ્વ.શ્રી પ્રભુદાસ વનમાળીદાસ ભટ્ટ પુરસ્કાર |
| ૩૨ | આચાર્ય વેદાંત વિશાલભાઈ | 7 | 71.57 | 300.00 | સ્વ.લક્ષ્મીશંકર દવે પુરસ્કાર |

# શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ

## 2025-26 ના વર્ષના તેજસ્વી તારલાઓ

| સી.નં. | નામ | ધોરણ | ટકા | રકમ | દાતા |
|---|---|---|---|---|---|
| ૩૩ | મહેતા કહાન મનીષભાઈ | 7 | 61.86 | 300.00 | |
| ૩૪ | જોષી શ્લોક નિરવકુમાર | 8 | 94.63 | 350.00 | સ્વ.ફુલશંકર ઉમીયાશંકર પંડીત પુરસ્કાર |
| ૩૫ | શુક્લા આધ્યા અભિષેકભાઈ | 8 | 77.56 | 300.00 | સ્વ.શ્રી પ્રભુદાસ વનમાળીદાસ ભટ્ટ પુરસ્કાર |
| ૩૬ | જોષી આસ્થા ગોપાલભાઈ | 8 | 76.50 | 300.00 | સ્વ.લક્ષ્મીશંકર દવે પુરસ્કાર |
| ૩૭ | જોષી વિશ્વા દિપકભાઈ | 8 | 76.00 | 300.00 | |
| ૩૮ | ત્રિવેદી ખેવના આશીષભાઈ | 8 | 76.00 | 300.00 | |
| ૩૯ | જોષી ઓમ ગોપાલભાઈ | 8 | 74.00 | 300.00 | |
| ૪૦ | દવે મૈત્રી તેજસભાઈ | 8 | 72.14 | 300.00 | |
| ૪૧ | રાજ્યગુરૂ ક્રિષ્ના હિતેષકુમાર | 8 | 70.50 | 300.00 | |
| ૪૨ | ત્રિવેદી વશિષ્ઠ અમિતકુમાર | 9 | 66.71 | 300.00 | સ્વ.ફુલશંકર ઉમીયાશંકર પંડિત પુરસ્કાર |
| ૪૩ | ભટ્ટ મંથન બકુલભાઈ | 9 | 60.10 | 300.00 | સ્વ.શ્રીપ્રભુદાસ વનમાળીદાસ ભટ્ટ પુરસ્કાર |
| ૪૪ | | | | | |
| ૪૫ | રાવલ સમર્થ સંજયકુમાર | 10 | 93.44 | | |
| | | | ધો. 10 પ્રથમ ભાઈ | 350.00 | સ્વ.સવિતાબેન જયંતીલાલ પુરસ્કાર |
| | | | | 350.00 | સ્વ.રમેશભાઈ મગનલાલ ત્રિવેદી પુરસ્કાર |
| | | | | 350.00 | સ્વ.મંજુલાબેન અને સ્વ.મોતીલાલ રેવાશંકર મહેતા પુરસ્કાર |
| | | | અંગ્રેજી-88 | 350.00 | સ્વ.જયસુખભાઈ ભીમજીભાઈ દવે પુરસ્કાર |
| | | | ગુજરાતી-88 | 350.00 | સ્વ.નિલાંગ ત્રિવેદી પુરસ્કાર |
| | | | સંસ્કૃત-88 | 350.00 | સ્વ.શાંતિલાલ પ્રભાશંકર શુક્લ પુરસ્કાર |
| | | | સંસ્કૃત-88 | 350.00 | સ્વ.મનસુખલાલ આચાર્ય પુરસ્કાર |
| | | | ગણિત-79 | 350.00 | સ્વ.ભાનુશંકર વિઠ્ઠલજી ત્રિવેદી પુરસ્કાર |
| ૪૬ | વ્યાસ હીર દેવાંગકુમાર | 10 | 86.80 | 350.00 | સ્વ.અજવાળીબેન જોષી પુરસ્કાર |
| | | | | 350.00 | સ્વ.મણિશંકર રાવલ પુરસ્કાર |
| | | | ધો.10 પ્રથમ બેન | 350.00 | સ્વ.શ્રીમતી સવિતાબેન જયંતીલાલ ભટ્ટ પુરસ્કાર |
| ૪૭ | મહેતા ક્રિષ્ના હસમુખભાઈ | 10 | 76.33 | 350.00 | સ્વ.નવનીતરાય મહેતા પુરસ્કાર |
| | | | | 350.00 | સ્વ.લાભુબેન હિંમતલાલ ભટ્ટ પુરસ્કાર |
| ૪૮ | વ્યાસ જોયલ ચેતનકુમાર | 10 | 72.60 | 350.00 | સ્વ.લલીતાબેન ત્રિવેદી પુરસ્કાર |
| | | | | 350.00 | સ્વ.વેણીશંકર ત્રિવેદી પુરસ્કાર |
| ૪૯ | ત્રિવેદી પ્રિયમ દેવેન્દ્રભાઈ | 10 | 72.00 | 350.00 | શ્રી હરીશંકર દવે પુરસ્કાર |
| | | | | 350.00 | શ્રી અનંતરાય વી. દવે પુરસ્કાર |
| ૫૦ | દવે દ્રષ્ટી મેહુલકુમાર | 11 | 88.34 | 350.00 | |
| ૫૧ | આચાર્ય સ્વરિત હિતેષ | 11(વિજ્ઞાન પ્રવાહ) | 85.60 | 350.00 | સ્વ.શ્રી જેશંકર ત્રિવેદી પુરસ્કાર |
| ૫૨ | વ્યાસ દેવાંશી નીખીલ | 11 | 76.14 | 350.00 | સ્વ.નવનીતરાય મહેતા પુરસ્કાર |

# શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ

## 2025-26 ના વર્ષના તેજસ્વી તારલાઓ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૩ | રાજ્યગુરૂ પ્રથમ હિતેષકુમાર | 11 | 70.14 | 350.00 | સ્વ.મણિશંકર રાવલ પુરસ્કાર |
| ૫૪ | દવે આર્જવ વૈભવ | 12(વિજ્ઞાન પ્રવાહ) | 90.61 | 350.00 | શ્રી સુખદેવભાઈ વ્યાસ પુરસ્કાર |
| | | ધો.12 પ્રથમ | | 350.00 | શ્રીમતી સવીતાબેન જયંતીલાલ ભટ્ટ પુરસ્કાર |
| | | ગણિત/ફીઝીક્સ 97/91 | | 350.00 | સ્વ.ગોદાવરીબેન મહેતા પુરસ્કાર |
| | | અંગ્રેજી-85 | | 350.00 | સ્વ.લલીતાબેન ત્રિવેદી પુરસ્કાર |
| | | | | 350.00 | સ્વ.મંજુલાબેન અને સ્વ.મોતીલાલ રેવાશંકર મહેતા પુરસ્કાર |
| | | | | 350.00 | સ્વ. રાજન સ્મૃતિ પુરસ્કાર |
| | | | | 350.00 | શ્રીમતી સવીતાબેન જયંતીલાલ ભટ્ટ પુરસ્કાર |
| | | | | 350.00 | સ્વ.પ્રહલાદભાઈ જદુરામ ત્રિવેદી પુરસ્કાર |
| ૫૫ | જોષી ગ્રીષ્મા ગોપાલભાઈ | 12 | 86.00 | 350.00 | શ્રી સુખદેવભાઈ વ્યાસ પુરસ્કાર |
| | | | | 350.00 | સ્વ.શ્રી પોપટલાલ આચાર્ય પુરસ્કાર |
| ૫૬ | દવે આરવ વૈભવ | 12 | 82.30 | 350.00 | સ્વ.જયાબેન આચાર્ય પુરસ્કાર |
| | | | | 350.00 | સ્વ.શ્રી જમનાદાસ વ્યાસ પુરસ્કાર |
| ૫૭ | દવે વેદાંત કમલેશભાઈ | 12(સામાન્ય પ્રવાહ) પથમ | 65.85 | 350.00 | સ્વ.શ્રીમતી સવિતાબેન જયંતીલાલ ભટ્ટ પુરસ્કાર |
| | | અંગ્રેજી-60 | | 350.00 | સ્વ.બીના પ્રહલાદભાઈ ત્રિવેદી સ્મૃતિ પુરસ્કાર |
| ૫૮ | આચાર્ય સૌમ્યા દર્શકભાઈ | ડીપ્લોમા સેમ.5 | 70.00 | 350.00 | શ્રી સુખદેવભાઈ વ્યાસ પુરસ્કાર |
| ૫૯ | દવે ભવ્યા યશવંતકુમાર | ડીપ્લોમા સેમ.6 | 75.90 | 350.00 | સ્વ.રસીલાબેન મહેશકુમાર જોષી પુરસ્કાર |
| ૬૦ | ત્રિવેદી ખુશી નીલેશ | બી.કોમ.સેમ.1 | 74.36 | 500.00 | સ્વ.જયાબેન મહેતા પુરસ્કાર |
| ૬૧ | ત્રિવેદી દેવ નીતિનભાઈ | બી.કોમ.સેમ.2 | 62.18 | 500.00 | સ્વ.નલીનીબેન ત્રિવેદી પુરસ્કાર |
| ૬૨ | ત્રિવેદી નિષ્ઠા અમિતકુમાર | બી.એ.સેમ.5 | 69.70 | 500.00 | સ્વ.ચંપાબેન ઉપાધ્યાય પુરસ્કાર |
| ૬૩ | રાજ્યગુરૂ વરૂણ રોહિતભાઈ | બી.એસ.સી.સેમ.3 | 75.27 | 500.00 | સ્વ.વૈદરાજ કરૂણાશંકર ત્રિવેદી પુરસ્કાર |
| ૬૪ | વ્યાસ ખુશી અનિલકુમાર | પી.ટી.સી. સેમ.2 | 78.83 | 500.00 | સ્વ.મોહનલાલ ત્રિવેદી પુરસ્કાર |
| ૬૫ | આચાર્ય ગાયત્રી ભરતકુમાર | બી.એડ. સેમ.2 | 81.25 | 500.00 | સ્વ. શાસ્ત્રી વિશ્વનાથ દવે પુરસ્કાર |
| ૬૬ | રાવલ પ્રયાગ અતુલભાઈ | બી.ઈ. સેમ.1 | 81.00 | 500.00 | સ્વ. ગિરધરલાલ ભટ્ટ પુરસ્કાર |
| ૬૭ | મહેતા સાના નિતેષભાઈ | બી.ઈ. સેમ.3 | 72.00 | 500.00 | સ્વ.નવલશંકર ત્રિવેદી પુરસ્કાર |
| ૬૮ | જોષી ખુશી જલ્પેશ | આઈ.ટી. સેમ.3 | 71.00 | 500.00 | સ્વ. રવિશંકર રાવલ પુરસ્કાર |
| ૬૯ | વ્યાસ શ્રીયા ચેતનકુમાર | બી.ઈ. સેમ.5 | 85.90 | 500.00 | સ્વ.હર્ષદભાઈ વ્યાસ પુરસ્કાર |
| ૭૦ | આચાર્ય હિરવા દર્શકભાઈ | બી.ઈ.(આઈટી)સેમ.5 | 66.70 | 500.00 | સ્વ.વનમાળીદાસ દવે પુરસ્કાર |
| ૭૧ | દવે પ્રિયાંશ જીતેન્દ્રભાઈ | સેમ.6 | 68.60 | 500.00 | સ્વ.ગોદાવરીબેન દવે પુરસ્કાર |
| ૭૨ | ભટ્ટ મિહિર હિમાંશુભાઈ-બી.ઈ. સેમ.8 SPI-90, CGPA-7.59 | | | 500.00 | સ્વ.ચંપકલાલ ત્રિવેદી પુરસ્કાર |
| | | | | 500.00 | સ્વ.રમણિકલાલ વ્યાસ પુરસ્કાર |
| | | | | 500.00 | સ્વ.સુખદેવભાઈ વ્યાસ પુરસ્કાર |
| | | | | 500.00 | સ્વ. રેવાશંકર શામજી પુરસ્કાર |
| ૭૩ | રાવલ જીત અતુલભાઈ-બી.ઈ. સેમ.8SPI-90, CGPA-7.33 | | | 500.00 | સ્વ.ઉપેન્દ્રભાઈ ત્રિપાઠી પુરસ્કાર |
| | | | | 500.00 | સ્વ.ચંદુલાલ જોષી પુરસ્કાર |
| | | | | 500.00 | એચ.કે. આચાર્ય પુરસ્કાર |

# શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ

## 2025-26 ના વર્ષના તેજસ્વી તારલાઓ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭૪ | જોષી શિવાંગ હિતેષભાઈ | બી.ઈ.આઈ.ટી. સેમ.8SPI-90, CGPA-7.24 | | 500.00 | સ્વ.મંજુલાબેન અને સ્વ.મોતીલાલ રેવાશંકર મહેતા પુરસ્કાર |
| ૭૫ | વ્યાસ ક્રિષ્ના કૌશિકભાઈ | એમ.બી.એ. સેમ.1 | 72.30 | 500.00 | સ્વ.બંસીધર જાની પુરસ્કાર |
| ૭૬ | રાવલ વીર ચિરાગકુમાર | એમ.બી.એ. સેમ.6 | 62.87 | 500.00 | સ્વ.બંસીધર જાની પુરસ્કાર |
| ૭૭ | રાવલ મંથન દિવ્યકાંતભાઈ | એમ.ઈ. સેમ.1 | 69.40 | 500.00 | સ્વ.મહેશકુમાર અમૃતલાલ જોષી પુરસ્કાર |
| ૭૮ | જોષી અદિતી અમિતભાઈ | એમ.બી.બી.એસ. વર્ષ.2 | 64.67 | 500.00 | સ્વ.હર્ષદરાય કાંતીલાલ ત્રિવેદી પુરસ્કાર |
| | | | | 500.00 | સ્વ.હિંમતલાલ ભટ્ટ પુરસ્કાર |
| | | | | 500.00 | સ્વ.સુખદેવભાઈ વ્યાસ પુરસ્કાર |
| | | | | 500.00 | સ્વ.જમનાદાસ વ્યાસ પુરસ્કાર |

## દાન સરવણી

### સદભાવ જાહેરાત

| ક્રમાંક | નામ | રકમ |
|---|---|---|
| 9458 | શ્રી ધર્મેન્દ્રભાઈ પંડિત | 750.00 |
| 9459 | શ્રી કિશોરભાઈ ફુલશંકર પંડિત | 750.00 |
| 9461 | શ્રી કપીલભાઈ ફુલશંકર રાજ્યગુરૂ | 1500.00 |
| 9463 | શ્રી ભાર્ગવ જીતેન્દ્રભાઈ દવે | 1500.00 |
| 9464 | શ્રી યશ જીતેન્દ્રભાઈ પંડિત | 1500.00 |
| 9466 | શ્રી કાનન હિમાંશુભાઈ ત્રિવેદી | 750.00 |

### વાર્ષિક સહયોગ

| | | |
|---|---|---|
| 9470 | શ્રીમતી પાયલ હિતેશકુમાર રાજ્યગુરૂ | 500.00 |
| 9471 | શ્રી અંબેશકુમાર મહેન્દ્રભાઈ | 500.00 |
| 9472 | શ્રી દીપકભાઈ પ્રવિણભાઈ | 350.00 |
| 9473 | શ્રીમતી પ્રિતીબેન જલ્પેશભાઈ | 500.00 |
| 9474 | શ્રી મયંક તરૂણકુમાર પંડ્યા | 500.00 |
| 9475 | શ્રી ચેતનભાઈ રે. વ્યાસ | 500.00 |
| 9476 | શ્રી નિરવકુમાર બળવંતરાય | 500.00 |
| 9477 | શ્રી આશીષકુમાર તરૂણભાઈ ત્રિવેદી | 500.00 |
| 9478 | શ્રી હસમુખભાઈ જયસુખભાઈ મહેતા | 500.00 |
| 9479 | શ્રી ધર્મેશ કિશોરભાઈ આચાર્ય | 350.00 |
| 9480 | શ્રી તેજસભાઈ બળવંતરાય દવે | 350.00 |
| 9481 | શ્રી સૌમ્ય દર્શકભાઈ આચાર્ય | 500.00 |
| 9482 | શ્રી અમીત પ્રવિણભાઈ ત્રિવેદી | 500.00 |
| 9483 | શ્રી કૌશીક જીતેન્દ્રભાઈ વ્યાસ | 500.00 |
| 9484 | શ્રી બળવંતરાય એસ. જોષી | 350.00 |
| 9485 | શ્રી દેવાંગકુમાર હરીભાઈ વ્યાસ | 500.00 |
| 9488 | શ્રી હિતેશભાઈ જયસુખલાલ મહેતા | 500.00 |
| 9489 | શ્રી નિખીલ શાંતિલાલ વ્યાસ | 500.00 |

## દાન સરવણી

**વાર્ષિક સહયોગ**

| | |
|---|---|
| 9490 શ્રી ભાવેશકુમાર પ્રવિણભાઈ જોષી | 350.00 |
| 9492 શ્રી કમલેશકુમાર પ્રત્યપભાઈ દવે | 350.00 |
| 9493 શ્રી દિવ્યકાંતભાઈ અમૃતલાલ રાવલ | 300.00 |
| 9494 શ્રી ભવ્ય યશવંતભાઈ દવે | 370.00 |
| 9495 શ્રી પંકજ યોગેશભાઈ રાજ્યગુરૂ | 350.00 |
| 9497 શ્રી નિતેશભાઈ કે. મહેતા | 350.00 |
| 9498 શ્રી અતુલભાઈ દલપતભાઈ દવે | 500.00 |
| 9499 શ્રી ગોપાલભાઈ હિરાલાલ જોષી | 2100.00 |
| 9500 શ્રી મનીષભાઈ જીતેન્દ્રભાઈ મહેતા | 350.00 |
| 10101 શ્રી વિશાલભાઈ પ્રવિણભાઈ આચાર્ય | 350.00 |
| 10103 શ્રી તુષાર દેવેન્દ્રભાઈ પંડ્યા | 500.00 |
| 10104 શ્રી નિતીનભાઈ ઈશ્વરલાલ ત્રિવેદી | 700.00 |
| 10105 શ્રી ઉત્પલ વિનોદભાઈ ભટ્ટ | 500.00 |
| 10106 શ્રીમતી નીલમ બકુલકુમાર ભટ્ટ | 750.00 |

**ખુશી ભેટ**

| | |
|---|---|
| 9460 શ્રી મનોજભાઈ દવે | 500.00 |
| 9465 શ્રી રાજ અમોલ ત્રિવેદી-નાગપુર આઈ.આઈ.એમ. માં એમબીએ ડીગ્રી મેળવ્યા બદલ | 1000.00 |
| 9468 શ્રી રોહિતભાઈ પ. રાજ્યગુરૂ | 500.00 |
| 9469 શ્રી ભરતકુમાર નંદલાલ આચાર્ય | 500.00 |

**ભાગીરથી /વિધવા સહાય ફંડ**

| | |
|---|---|
| 9456 શ્રી સ્વ.અનિલભાઈ રમણિકલાલ ત્રિવેદી બેંગલોરના સ્મરણાર્થે | 10000.00 |
| 9457 સ્વ. મધુરીકાબેન શરદેન્દ્રભાઈ ત્રિપાઠી. મુંબઈના સ્મરણાર્થે | 3100.00 |
| 9462 શ્રી કમલભાઈ જસવંતભાઈ રાવલ-માતાપિતા શ્રી જસવંતભાઈ અને શાંતાબેનની સ્મૃતિમાં | 11000.00 |

**મહિલા મંડળ**

| | |
|---|---|
| 9486 શ્રી અનુરાધા આશીષભાઈ દવે | 500.00 |
| 9487 શ્રી ભારતીબેન દેવેન્દ્રભાઈ દવે | 500.00 |
| 9491 શ્રીમતી ડિમ્પલબેન ભાવેશકુમાર જોષી | 500.00 |

## જ્ઞાતિ ગૌરવ

- Jehan Manishbhai Tripathi has completed Masters in Civil & Environmental Engineering from University of Milinois Urbana Champaiun.

આપણી જ્ઞાતીના કારોબારી સભ્ય શ્રી મનીષભાઈ રજનીકાંત ત્રિપાઠી અને મહિલા મંડળના સદસ્ય શ્રીમતી નિજાબેન મનીષભાઈ ત્રિપાઠીના સુપુત્ર શ્રી જેહન મનીષભાઈ ત્રિપાઠી એ અમેરીકા ખાતે મેળવેલ ઉપરોક્ત સિધ્ધિ માટે અભિનંદન

- ધ્વનિત આશીષભાઈ ત્રિવેદી એ USMAS STATE LEVEL COMPETITION માં Advance G category માં 3rd rank મળવા બદલ ખુબ ખુબ અભિનંદન

## અવસાન નોંધ

૧. સ્વ. રમેશભાઈ હરિકૃષ્ણભાઈ ત્રિવેદી ( ઉ.વ.૭૩) મુળ દામનગર નિવાસી હાલ અમરેલી નું તા. 25/05/26ના રોજ અવસાન થયેલ છે.
૨. સ્વ. જયાબેન હરિપ્રસાદ આચાર્ય (મોટા સુરકા નિવાસી) નું તા.25/05/26ના રોજ અવસાન થયેલ છે.
૩. સ્વ. કોકીલાબેન ગીરીશભાઈ આચાર્ય (ભાવનગર)નું તા.28/05/26ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
૪. સ્વ. હર્ષદભાઈ નાનાલાલ દવે (ઉ.વ. ૭૫)નું તા. 29/05/26ના રોજ ભાવનગર મુકામે અવસાન થયેલ છે.
૫. સ્વ. દિવ્યાબેન હર્ષદકુમાર વ્યાસ (ઉ.વ.૫૮) મુ. ઝરીયા હાલ મોરબીનું તા. 30/05/26ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
૬. સ્વ. નિરજ અનિલકુમાર વ્યાસ (ઉ.વ. ૨૨)નું તા. 02/06/26ના રોજ અમરેલી મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
૭. સ્વ. દયાનંદ લાભશંકર દવે નું તા. 03/06/26ના રોજ U.S.A. મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
૮. સ્વ. રજનીકાંત ભાનુશંકર વ્યાસ (ઉ.વ.૭૨) ચિત્રાવાવ નું તા.09/06/26 રોજ દુઃખદ અવસાન થયેલ છે.
૯. અમદાવાદ જ્ઞાતિ પ્રમુખ ધર્મેન્દ્રભાઈ ના પુજ્ય પિતાશ્રી વસંતભાઈ લક્ષ્મીશંકર પંડિત (ઉ.વ.૯૩) નું તા.10/06/26ના રોજ અવસાન થયેલ છે.
૧૦. સ્વ. કમલેશભાઈ ચંદ્રકાંતભાઈ મહેતા (ઉ.વ.૫૯) બોટાદ નું તા.10/06/26ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
૧૧. સ્વ. દમયંતીબેન રમેશચંદ્ર વ્યાસ (ઉ.વ.૭૯)નું તા.12/06/26ના રોજ મોટી કુંકાવાવ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
૧૨. સ્વ. કપિલાબેન લાભશંકર આચાર્ય (ઉ.વ.૭૪)નું તા.12/06/26ના રોજ અમેરીકા મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
૧૩. સ્વ. વૃજલાલ મગનલાલ જોષી મુળ વતન નાની વાવડી (ખસ-બોટાદ)ના પુત્ર કિશોરભાઈ વૃજલાલ જોષી હાલ અમદાવાદ ના ધર્મપત્નિ વીણાબેન કિશોરભાઈ જોષી (ઉ.વ.૬૮)નું તા.20/06/26ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
૧૪. સ્વ. પ્રદિપભાઈ દુર્ગાશંકર ત્રિવેદીનું (ઉ.વ.૬૪)નું તા.23/06/26ના રોજ અમરેલી મુકામે દુઃખદ અવસાન થયેલ છે. તે અનિતાબેનના પતિ. તુલસીબેનના પિતા તથા કિરણભાઈ અને હરેશભાઈ ત્રિવેદીના નાના ભાઈ થાય.
૧૫. સ્વ. મુકેશચંદ્ર નંદલાલ રાવલ (ઉ.વ.૮૫)નું ભાવનગર મુકામે તા.25/06/26ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
૧૬. સ્વ. મનહરપ્રસાદ જયશંકર દવે (પાટણા નિવાસી) હાલ અમદાવાદનું તા.30/06/26ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
૧૭. સ્વ. વિદ્યાબેન રમેશભાઈ રાવળ (ઉ.વ.૮૫) ગઢડા (સ્વામી.)નિવાસી હાલ રાજકોટ તા. 16/07/26ના રોજ કૈલાસવાસી થયેલ છે.
૧૮. સ્વ. શાંતિલાલ દુર્લભજી પંડ્યા (ઉ.વ. ૭૨) મુ.ધામેલ નિવાસી તા. 17/07/26ના રોજ કૈલાસવાસી થયેલ છે.
૧૯. સ્વ. ભરતભાઈ દયાશંકરભાઈ ભટ્ટ નું તા.19/07/2026ના રોજ લાઠી મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

## આમંત્રણ

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડા ચારસો બ્રહ્મસમાજ અમદાવાદ દ્વારા આગામી તા. 23-8-2026 ના રવિવારના રોજ બપોરે 2-00 કલાકથી મંગલ પાંડે હોલ. નિકોલ. અમદાવાદ ખાતે તેજસ્વી વિદ્યાર્થી પારિતોષિક વિતરણ સમારોહ અને વાર્ષિક સાધારણ સભા અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આજ ના કાર્યક્રમના અંતે દેવમગન શ્રાવણી ફંડ તરફથી સ્વાદિષ્ટ ભોજન સમારંભ રાખેલ છે.

આપ સર્વ જ્ઞાતિજનોને કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા સ્નેહસભર આમંત્રણ.કાર્યક્રમના અંતે ભોજન સાથે લઈશું.

આપનાં ભોજન પાસ નામ અને મોબાઈલ નંબર સાથે જ્ઞાતિના મોબાઈલ નંબર 9998000450 વોટ્સઅપ પર તા. 15-08-2026 સુધીમાં નોંધાવી દેવા વિનંતી.

કાર્યક્રમના દિવસે તા. 23-08-2026નાં રોજ આપે નોંધાવેલ ભોજનનાં પાસ હોલ પર કાઉન્ટર ગોઠવેલ હશે ત્યાંથી બપોરે 2થી સાંજે 6 સુધીમાં પ્રાપ્ત કરી લેવા.

**કાર્યક્રમનું સ્થળ : મંગલ પાંડે હોલ, નિકોલ, અમદાવાદ**
**તા. 23-08-2026 , રવિવાર**
**સમય : બપોરે 2.00 થી સાંજે 8.00 સુધી**

# શ્રી અજયભાઈ શુકલ દ્વારા સિહોર સમસ્ત બ્રહ્મસમાજ ઈનામ વિતરણ કાર્યક્રમ



કાર્યક્રમ દરમિયાન સર્વોત્તમ ડેરીના ચેરમેન મહેન્દ્રભાઈ પનોત દ્વારા જણાવાયુ હતું કે ‘‘એક બનો નેક બનો અને સમાજના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ રહેવું પડશે.’’



સ્વ.ગજાનનભાઈ શુકલની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે દાતાશ્રી ગં.સ્વ.ગીતાબેન ગજાનનભાઈ શુકલ પરિવાર દ્વારા તા.૨૨/૦૭/૨૬ના રોજ સાંજે ૪ થી ૭ કલાકે બંધન પાર્ટી પ્લોટ ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં સમસ્ત બ્રહ્મસમાજ સિહોરના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ, નિઃશુલ્ક ચોપડા વિતરણ તથા બ્રહ્મચોર્યાશી નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમમાં સર્વોતમ ડેરીના ચેરમેન મહેન્દ્રભાઈ પનોત, હરિભાઈ જોષી (સ્થાપક-એમ.ડી. સર્વોત્તમ ડેરી સિહોર )ની પ્રેરક ઉપસ્થિતિમાં અજયભાઈ શુકલ, વિજયભાઈ શુકલ, જતીનભાઈ શુકલ, કશ્યપભાઈ, મહર્ષિ, હાર્દિકકુમાર, અથર્વ તથા શુકલ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. આ અંગે યુવા પરશુરામ ગ્રુપના પ્રમુખ અજયભાઈ ધાંધલા તથા તેમની કોર ટીમ તથા સભ્યો દ્વારા ખડે પગે રહી સંપુર્ણ કાર્યક્રમ ને ચાર ચાંદ લગાવ્યા હતા.

# શ્રી અજયભાઈ શુક્લ દ્વારા સિહોર સમસ્ત બ્રહ્મસમાજ ઈનામ વિતરણ કાર્યક્રમ



**સમાજ પુજનીય છે પણ સમાજ વ્યસન તથા ફેશનમાં સપડાયો છે માટે સમાજ આ બધી ઈતર પ્રવૃતિઓથી દુર થઈ લક્ષ તરફ કૂચ કરવી જોઈએ. - હરિભાઈ જોષી ( સ્થાપક - MD સર્વોત્તમ ડેરી, સિહોર )**



સમગ્ર કાર્યક્રમમાં યુવા પરશુરામ ગ્રુપના પ્રમુખ અજયભાઈ ધાંધલા દ્વારા દરેકને આવકાર્યા હતા. પુર્વ પ્રમુખ દિપકભાઈ જાની દ્વારા યુવા પરશુરામ ગ્રુપના વિવિધ કાર્યો અંગે માહિતી આપી હતી. અંતમાં દાતા પરિવારના અજયભાઈ શુક્લ દ્વારા જણાવ્યુ હતું કે સમાજ સંગઠીત રહે અને આવા કાર્યો સાથે મળી કરીશું, નાના ભુલકાં તથા વિદ્યાર્થીઓ શિક્ષણમાં ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરે તેવી શુભકામના પાઠવી હતી. મિતેશભાઈ પંડ્યા તથા વિરાજબેન જોષી દ્વારા સુંદર એન્કરીંગ કરી ઉપસ્થિત બ્રહ્મપરિવારને ત્રિવિધ કાર્યક્રમના તાંતણે બાંધી રાખ્યા હતા.

આ ત્રિવિધ કાર્યક્રમમાં વિવિધ પેટા જ્ઞાતિના પ્રમુખો, આગેવાનો, માતાઓ, બહેનો, વિદ્યાર્થીઓ તથા આમંત્રિત મહેમાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ૧૭મી પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલી



## સ્વ. શાંતાબેન ફુલશંકર પંડિત

જન્મ તા. ૧૩-૮-૧૯૩૪ દેહાવસાન તા.૩૦-૬-૨૦૦૯

**સરળ અને નિઃસ્વાર્થ સેવાભાવી જીવન, પ્રેમાળ સ્વભાવ, ઉચ્ચ આદર્શો અને ઉત્તમ સંસ્કાર આપનાર આપના દિવ્ય આત્માને કોટિ કોટિ પ્રણામ....**

સ્વ. ફુલશંકર ઉમીયાશંકર પંડિત
સ્વ. કિરિટભાઈ ફુલશંકર પંડિત
સ્વ. મગનલાલ અંબાશંકર ત્રિવેદી પરિવાર
શ્રી કિરિટભાઈ અમૃતલાલ રાવલ પરિવાર
શ્રી ગિરીશભાઈ ઈન્દ્રશંકર પુરોહિત પરિવાર

કિશોરભાઈ ફુલશંકર પંડિત
મધુબેન અનંતરાય રાવલ
નિરવ કિશોરભાઈ પંડિત (USA)
જસ્મીન જીગ્નેશકુમાર રાવલ (USA)
કુ. કાવ્યા નિરવ પંડિત (USA)

ભારતીબેન કિશોરભાઈ પંડિત
સ્વ.ગીતાબેન પીનાકીન વ્યાસ
રીતીકા નિરવ પંડિત (USA)
કુ. પરી જીગ્નેશકુમાર રાવલ (USA)
નિલ જીગ્નેશકુમાર રાવલ (USA)

આયુષ નિરવ પંડિત (USA)

# શ્રધ્ધાંજલી



## સ્વ. વસંતરાય લક્ષ્મીશંકર પંડિત

જન્મ તા. ૧૫-૦૧-૧૯૩૫

સ્વર્ગવાસ તા. ૧૧-૦૬-૨૦૨૬

પ્રેમાળ, કુટુંબ વત્સલ, સેવાભાવી અને જ્ઞાતિકાર્યોમાં હંમેશા સાથ સહકાર અને આર્થીક સહયોગ આપનાર સ્વ. પિતાશ્રીને હાર્દિક શ્રધ્ધાંજલી પાઠવીએ છીએ.

**લિ.**

**ગં. સ્વ. જસુમતિબેન વસંતરાય પંડિત**

**ધર્મેન્દ્રભાઈ વસંતરાય પંડિત**

**મમતાબેન ધર્મેન્દ્રભાઈ પંડિત**

**વિશ્વમ ધર્મેન્દ્રભાઈ પંડિત** **( દેવ ડેવલપર્સ )**

book-post

રવાના:- શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી
સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ
૪૧૨, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર્સની સામે,
શ્યામશિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-૨૫.
ફોન:- 999 8000 450